सत्यमेव जयते

આવ્યા તારીખ	૨૦૧૭	૧૦	૦૫
દાખલ તારીખ	૨૦૧૭	૧૦	૦૫
ફેસલ તારીખ	૨૦૨૬	૦૬	૨૯
સમયગાળો	**વર્ષ**	**માસ**	**દિવસ**
	૦૯	૦૧	૧૯

અમદાવાદના મહે.૯ માં, એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ
ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કોર્ટ સમક્ષ (કોર્ટ નં.૩૧)
ક્રિમીનલ કેસ નં. ૬૩૪૬૯/૨૦૧૭
આંક– ૧૯

(ફોર્મ–એ)

ફરિયાદી	:–	**હર્ષિત ચંદ્રકાંત શાહ** **તે અમૃતલાલ કસ્તુરચંદ શાહની પેઢીના માલિક** ઠે.૭૦૪/૧૧, સર ચીનુભાઇ બીલ્ડીંગ, રેવડી બજાર,અમદાવાદ
ફરિયાદપક્ષ તરફે	:–	વિ.વ.શ્રી. પી.એન.શાહ
		વિરૂદ્ધ
આરોપી	:–	**શ્રીપાલ ચંદુલાલ કોઠારી** **તે ડાયમંડ એન્ટરપ્રોઈઝની પેઢીના માલિક** ઠે. ૩૮૪૦/૧૮–એ, બીજો માળ, ચંપાગલી ક્રોસલેન, મલબાદેવી રોડ, મુંબઇ–૪૦૦૦૦૨
આરોપીપક્ષ તરફે	:–	વિ.વ.શ્રી વી.પી.શેખ
ગુનો	:–	**ધી નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરિયાદ**

(ફોર્મ–બી)

ગુન્હાની તારીખ	:–	૦૫/૧૦/૨૦૧૭
પ્રથમ બાતમી અહેવાલની તારીખ	:–	–
આખરી અહેવાલ / ફરિયાદ રજુ થયા તારીખ	:–	૦૫/૧૦/૨૦૧૭
પ્લી લીધા તારીખ	:–	૧૭/૦૫/૨૦૧૯
પુરાવા શરૂ કર્યા તારીખ	:–	૦૫/૧૦/૨૦૧૭
ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ	:–	૨૩/૦૬/૨૦૨૬
ચુકાદાની તારીખ	:–	૨૯/૦૬/૨૦૨૬
આખરી હુકમ	:–	આરોપીને તકસીરવાન ઠરાવેલ છે અને રૂા. ૧,૦૦,૦૦૦/–વળતરનો હુકમ કરેલ છે.

:: આરોપીની વિગતો ::

આરોપી નંબર	૧
આરોપીનું નામ	**શ્રીપાલ ચંદુલાલ કોઠારી** **તે ડાયમંડ એન્ટરપ્રોઈઝની પેઢીના માલિક**
ધરપકડની તારીખ	–
જામીન મુકત કર્યાની તારીખ	–
આક્ષેપાયેલ ગુનાની વિગત	ધી નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ
શું નિર્દોષ છોડયા / સજા કરી	સજા કરી
આપવામાં આવેલ સજા	આરોપીને તકસીરવાન ઠરાવેલ છે અને

	રૂા. ૧,૦૦,૦૦૦ /– વળતરનો હુકમ કરેલ છે.
ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૪૨૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહીના સમયગાળા દરમ્યાન કરેલ અટકાયતનો સમયગાળો	–

(ફોર્મ –સી)

સાક્ષીઓનો પુરાવો :–

(અ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવો:–

ક્રમ	**આંક**	**નામ**	**પુરાવાનો પ્રકાર**
૦૧	૦૩	હર્ષિત ચંદ્રકાંત શાહ તે અમૃતલાલ કસ્તુરચંદ શાહની પેઢીના માલિક નું સરતપાસનું સોગંદ નામુ	ફરિયાદી

(બ) આરોપીપક્ષ તરફે મૌખિક પુરાવો:– (જો હોય તો)

ક્રમ	**આંક**	**નામ**	**પુરાવાનો પ્રકાર**
–	–	–	–

(ક) અદાલતના સાક્ષી, જો હોય તો:–

ક્રમ	**આંક**	**નામ**	**પુરાવાનો પ્રકાર**
–	–	–	–

ફરિયાદપક્ષ / બચાવપક્ષ / અદાલતના દસ્તાવેજોના આંકની યાદી :–

(અ) ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવો:–

ક્રમ	**આંક**	**પુરાવાનું વર્ણન**
૧	૦૮,૧૦	ચેકો
૨	૦૯,૧૧	રીટર્ન મેમાઓ
૩	૧૨	નોટીસ
૪	૧૩	એકનોલેઝમેન્ટ
૫	૧૪	પરત આવેલ અસલ કવર

(બ) આરોપીપક્ષ તરફે દસ્તાવેજી પુરાવો:–

ક્રમ	આંક	પુરાવાનું વર્ણન
–	–	–

(ક) અદાલતના સાક્ષી, જો હોય તો:–

ક્રમ	આંક	નામ	પ્રુરાવાનો પ્રકાર
–	–	–	–

(ડ) સામગ્રીની વસ્તુઓ:–

ક્રમ	આંક	પુરાવાનું વર્ણન
–	–	–

:: ઠ રા વ ::

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુકમાં હકિકત એ મુજબની છે કે, આ કામના ફરીયાદી કાપડનો વેપાર કરે છે. આરોપી મુંબઇ શહેરમાં ડાયમંડ એન્ટરપ્રોઇઝ એ નામથી ધંધો કરે છે. ફરીયાદીને કાપડની દલાલી કરતાં નરેશકુમાર લાલચંદ શાહ મારફતે આરોપી સાથે ઓળખાણ થયેલી. જેથી ફરીયાદીએ દલાલ નરેશકુમાર લાલચંદ શાહ મારફતે કાપડનો માલ આપેલ અને આરોપીને સદર માલની ડીલીવરી મળી ગયેલ. આરોપીને જે માલ મોકલેલ તે માલના બીલો આપવામાં આવેલ છે. ફરીયાદીના એકાઉન્ટમાં આરોપીના ખાતે બાકી નીકળતી રકમ ઉધારવામાં આવેલ. આરોપી જે જે રકમો આપતા હતાં તે ફરીયાદીના ચોપડે જમા કરવામાં આવેલ. આરોપી પાસે કુલ બાકી રકમ રૂ.૨,૮૦,૪૭૦/– છે. સદર રકમ આરોપીને ૧૮ ટકા લેખે વ્યાજની બાકી લેણા છે. આરોપીને અગાઉ માલ મોકલેલ જેના નાણા ફરીયાદીને મળી ગયેલ છે. ફરીયાદીએ તેઓના બાકી લેણાની માંગણી કરતાં આરોપીએ બે ચેકો અનુક્રમે ચેક નં.૧૭૦૩૬૭ તથા ચેક નં.૧૭૦૩૬૮ બંને ચેકો તા.૧૯/૦૬/૨૦૧૭ના રોજ એસવીસી કો.ઓ.બેંક લી. ભાયદર વેસ્ટ, મુંબઇના ચેકો સહી સિકકા કરી ફરીયાદીને આપેલા. સદરહું ચેકો ફરીયાદીએ તેઓની બેંક, બેંક ઓફ બરોડા, મસ્કતી મારકેટ શાખામાં ભરતાં તા.૦૧/૦૮/૨૦૧૭ના રોજ ઇનસફીસીયન્ટ ફંડના શેરા સાથે પરત આવતાં.

તેથી ફરિયાદીએ તેઓના વકીલ મારફતે આ કામના આરોપીને **તા.૦૧/૦૮/૨૦૧૭**ના રોજ નોટિસ મોકલી આપેલ હતી.આમ, આ કામના આરોપીને **તા.૨૧/૦૮/૨૦૧૭ના રોજ** બજી ગયેલ હોવા છતાં નોટિસ મુજબ વર્તન કરેલ નથી અને ફરિયાદીને ચેકોની રકમ ચૂકવી આપેલ નથી કે નોટિસનો જવાબ આપેલ નથી જેથી હાલની ફરીયાદ લાવીને દાદ માંગેલ છે કે, આરોપીને ધી નેગો.ઇન્સ્ટ્રુ.એક્ટ ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય જેથી યોગ્ય શિક્ષા અપાવવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) ફરિયાદીએ ફરીયાદ દાખલ કરતાં વેરીફીકેશન લેવામાં આવેલ અને પ્રથમ દર્શનીય ગુન્હો હોય ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૪ મુજબ ફરીયાદ રજીસ્ટરે લેવામાં આવેલ અને આરોપીઓ વિરુધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે પ્રોસેશ ઈસ્યુ કરવામાં આવેલ, જેથી આરોપીએ તેમના વકીલશ્રી મારફત હાજર થતા ફરિયાદની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપીની **તા. ૧૭/૦૫/૨૦૧૯** ના રોજ થી પ્લી રેકર્ડ કરતા તેઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ જેથી ફરીયાદપક્ષનો પુરાવો રેકર્ડે લેવામાં આવેલ છે.

(૩) આ કામે આરોપીને ફરિયાદીની ઉલટ તપાસ કરવા માટે પૂરતી અને વ્યાજબી તક આપેલ હોવા છતાં આરોપીએ કે તેમના વિ.વશ્રીએ મુદત હાજર રહી ફરિયાદીની ઉલટ તપાસ કરેલ નથી જેથી ફરિયાદપક્ષે રજુ **આંક–૧૫**ની અરજી અન્વયે ફરિયાદીની ઉલટ તપાસ કરવાનો હકક બંધ કરતો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ ઉપરોકત પુરાવાઓ સિવાય ફરિયાદપક્ષ તર્ફે અન્ય કોઈ પુરાવાઓ રજૂ કરવા માંગતા નથી તેવું **આંક – ૧૬**ની પુરસીસથી જાહેર કરેલ છે.

(૪) ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો સંપુર્ણ થયા બાદ ''સંહિતા'' ની કલમ ૩૧૩ અન્વયે તહોમતદારનું વિશેષ નિવેદન નોંધવા માટે કેસ રાખવામાં આવેલ. પરંતુ આ કામે આરોપીને એફ.એસ. નોંધાવવા માટે પૂરતી અને વ્યાજબી તક આપેલ

હોવા છતાં મુદતે આરોપીએ કે તેમના વિ.વ.શ્રીએ હાજર થઈ એફ.એસ. નોંધાવેલ નથી. જેથી ફરિયાદપક્ષે રજુ અરજી અન્વયે **આંક– ૧૭** થી આરોપીનો એફ.એસ. નોંધાવવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫) હાલના કેસમાં પુરાવાનો સ્ટેજ સંપુર્ણ થયા બાદ સદર કામે બંને પક્ષની દલીલો ઉપર રાખવામાં આવેલ. આ કામે ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં દલીલ કરી જણાવેલ છે કે, ફરિયાદપક્ષ આ કામના આરોપી પાસેથી કાયદેસરનું લેણું પુરાવાઓ રજુ કરી નિ:શંકપણે સાબિત કરી શકેલ છે જેથી આરોપીને મહત્તમ સજા કરવા અને વળતર અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૬) આ કામે આરોપીપક્ષ ને તેમના બચાવમાં દલીલો કરવાની પૂરતી અને વ્યાજબી તક આપેલ હોવા છતાં તેઓ તરફે કોઈ દલીલ કરેલ નથી. જેથી ફરીયાદપક્ષે રજુ **આંક– ૧૮** ની અરજી અન્વયે આરોપીનો દલીલનો હકક અત્રેની અદાલત ધ્વારા બંધ કરવામાં આવેલ છે.

(૭) પક્ષકારો તર્ફે રજુ કરવામાં આવેલા પુરાવાઓ તથા બચાવો ધ્યાને લેતાં હાલના કેસનો આખરી ન્યાય નિર્ણય કરવા મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા છે :–

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાના નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં :–

(૨) આખરી હુકમ મુજબ :–

(૯) ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે :–

// નિર્ણય માટેના કારણો //

મુદ્દા નંબર : ૧ :–

(૧૦) આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો આક્ષેપ છે ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ ધ્યાને લેતાં....

કલમ:૧૩૮ ખાતામાં અપુરતા ભંડોળ વિગેરેને કારણે ચેકનો અસ્વિકાર...

સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક, એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેન્ક એ પરત કરે, કારણ કે એ ખાતામાંની જમા રકમ ચેકના અસ્વિકાર માટે અપુરતી છે અથવા તો બેન્ક સાથે સમજુતીથી કરેલ વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતાં વધુ છે ત્યારે, આવી વ્યકિતએ ગુન્હો કર્યો ગણાશે અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને '' બે વર્ષ'' સુધીની કેદની શિક્ષા,અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બન્ને કરવામાં આવશે.

પરંતુ એમ ઠરાવ્યુ છે કે :......

(એ) જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત એ બે માંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેન્કમાં રજુ કરવામા આવ્યો ન હોય,

(બી) જ્યાં સુધી,તે ચેકનો પેઈ અથવા યથાક્મ્ર ધારક, જેમ હોય તેમ, તે ચેક વણ ચુકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી તેને માહીતી મળ્યાના ''ત્રીસ દિવસ''ની અંદર તે ચેક લખનારને લેખિત નોટીશ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી.

(સી) જ્યાં સુધી, એવો ચેક લખનાર, ચેકના નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાક્રમ ધારકને, જેમ હોય તેમ, ઉપરોકત નોટીશ મળ્યાના પંદર દિવસમાં આ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી, ત્યાં સુધી આ કલમ માંનુ કશુંજ લાગું પડશે નહી

ખુલાશો :– આ કલમના હેતુઓ માટે ''દેવુ અથવા અન્ય જવાબદારી એટલે રીતે જેનો અમલ કરાવી શકાય તેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય છે.''

(૧૧) ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮ની જોગવાઈને ધ્યાને લેતાં..

કલમ:૧૧૮ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ વિશે માની લેવાની બાબત,

એથી વિરુધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામાં આવશે...

(એ) અવેજ વિશે :– દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યુ હતુ,અને એવુ દરેક ખત જયારે તે સ્વિકારમાં આવ્યુ તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય, ત્યારે તે અવેજને માટે સ્વિકાર્યુ હતુ,તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યુ હતુ અથવા તબદીલ કર્યુ હતુ.

(બી) તારીખ વિશે :– જેના ઉપર તારીખ હોય તેવુ દરેક વટાઉખત તારીખ કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ, ઉપરોકત જોગવાઈ મુજબ ચેક ઉપર જે તારીખ લખવામાં આવી હોય તે તારીખનો ચેક છે તેવુ અનુમાન કરવાનુ રહે છે.

(૧૨) ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈને ધ્યાને લેતાં.......

કલમ:૧૩૯ ધારકની તરફેણમા અનુમાન:

જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહી ત્યા સુધી એમ અનુમાન કરવામાં આવશે, કે ચેકના ધારકે કલમ ૧૩૮ માં જણાવેલ ચેક, કોઈપણદેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત: માંથી મુકત થવા માટે મેળવેલ હતો.

(૧૩) ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૪૬ની જોગવાઈને ધ્યાને લેતાં........

કલમ:૧૪૬ બેંક સ્લીપ અમુક બાબતોનો પ્રથમ દર્શનીય પુરાવો :

આ પ્રકરણ હેઠળની હરેક કાર્યવાહી બાબતમા જેના પર ચેક નકારાયાનો બેંકનો ઓફીસીયલ માર્ક હોય છે તે બેંક–સ્લીપ મેમો રજુ કરવામા આવે ત્યારે બેંક જયાં સુધી આવી હકીકત નાસાબિત થતી નથી ત્યાં સુધી આવો ચેક નકારાયો છે એ હકીકતનુ અનુમાન કરાશે.

(૧૪) ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ લક્ષમા લેતા નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮નો ગુનો પુરવાર થવા માટે આવશ્યક શરતો નીચે મુજબ છે.

(૧) કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઈએ.

(૨) ચેક લખનાર વ્યકિતના ખાતામાં અપુરતા નાણા ભંડોળના કારણે ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ.

(૩) ચેક લખ્યા તારીખથી છ માસની(હાલ ૩ માસ) સમય મર્યાદામાં કલીયર થવા માટે બેંકમાં રજુ થયેલ હોવો જોઈએ.

(૪) ચેકનો અનાદર થયા બાદ બેંક તરફથી માહિતી મળ્યાના ૧૫ દિવસની અંદર(હવે સુધારો થયા બાદ ૩૦ દિવસની અંદર) ચેક લખનારને લેખિત ડીમાન્ડ નોટિસ આપીને ચેકમાંની રકમની માંગણી કરેલી હોવી જોઈએ.

(૫) નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.

(૬) દેવું કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ. ઉપરોકત આવશ્યક તત્વો પૂર્ણ થાય તો ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ-૧૩૮ અન્વયેનો ગુનો બન્યાનુ કહેવાય અને ત્યારબાદ ધી નેગો.ઈન્સ્ટુ. એકટની કલમ ૧૩૯ તથા કલમ-૧૧૮મુજબનુ ધારકની તરફેણમાં અનુમાન થાય.

(૧૫) ચેક એ ચોકકસ બેન્કરને કરેલ હુકમ છે, વ્યકિતનુ ખાતુ જે બેન્કમાં હોય તે બેન્કને પોતાના ખાતા માંથી અમુક ચોકકસ રકમ ચોકકસ વ્યકિતને કે પોતાને ચુકવવાનો નિર્દેશ કરતો હુકમ છે. જયાં સુધી ચેક નકારવાનુ કોઈ કારણ ન હોય ત્યાં સુધી તેમણે ચેકની રકમની ચુકવણી કરવી પડે. કલમ:૩૧ પ્રમાણે જયાં સુધી ખાતામાં ચેકની રકમ જેટલુ બેલેન્સ હોય ત્યાં સુધી પેઈ બેન્કરે ચેકની ચુકવણી કરવી પડે. હાલના વર્તમાન યુગમાં નાણાંકીય વ્યવહારો રોકડ રકમના બદલે ચેકથી એટલે કે, નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટથી પક્ષકારોના એકબીજાના વિશ્વાસથી થતા હોય છે એટલે કોઈ પ્રકારના કાનૂની દેવાની ચુકવણી પેટે જયારે કોઈ વ્યકિત બીજી વ્યકિતનું ચેક જેવુ કિંમતી રોકડ રકમની અવેજીમાં ચલણ અથવા ઈન્સ્ટુમેન્ટ આપતી હોય ત્યારે તેની એ જવાબદારી છે કે, તે નાણાંની ચુકવણી થઈ જવી જોઈએ અને તે પ્રકારની તેણે કાળજી લેવી જોઈએ અને તેના ઉપરજ આવા નાણાંકીય વ્યવહારોનો વિશ્વાસ ટકી રહેલ છે. જો ચેક આપતી વખતે આવી કાળજીના અભાવે અથવા ઈરાદાપુર્વકની છેતરપીંડી કરવાના કારણે આવો વિશ્વાસ

ભંગ થાય અને ચેક પાછો પડે તો નાણાંકીય વ્યવહારો ખોરવાઈ જાય અને આર્થીક તંત્ર જે વિશ્વાસના પાયા ઉપર ટકી રહેલ છે, તેમાં ગંભીર અસર ઉભી થાય. નાણાં કીય વ્યવહારનો પ્રવાહ થંભી જાય છે છેવટે દેશના આર્થીક તંત્રને પણ અસર કરે છે. આમ તમામ સંજોગોને રોકવા માટે નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ થી ૧૪૭ સુધીની જોગવાઈ કરેલ છે અને તે રીતે તે જ હેતુ લેજીસલેટરનો પણ છે.

(૧૬) આ તબકકે એ નોંધવુ આવશ્યક છે કે, આરોપી પક્ષએ ફરીયાદપક્ષની જેમ તેમનો બચાવ નિ:શંકપણે રજુ કરવો જરુરી નથી, સંભવિતતાના માપદંડ પર ફરીયાદપક્ષના પુરાવાથી અગર આરોપી પક્ષ જાતે સાહેદો ધ્વારા તેનો બચાવ પુરવાર કરવો જોઈએ અને અદાલતે તે લક્ષમાં લઈ ન્યાયીક ગુણદોષ પર નિર્ણય લેવાનો હોય છે. વધુમાં **નામ.સુપ્રિમ કોર્ટની લોઝ (એસ.સી.) ૨૦૧૦–૫–૧૯ ઉપર પ્રસિધ્ધ થયેલ રંગપ્પા વિ. મોહન**ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબ વિરૂધ્ધનુ અનુમાન સાબીત કરવાની જવાબદારી આરોપીની રહે છે અને ફરીયાદી દવારા રજુ રાખવામાં આવેલ પુરાવામાંથી તથા જરૂર પડયે આરોપી પોતાના પુરાવા રજુ રાખીને જો એવુ પુરવાર કરે કે, ચેકમા દર્શાવેલ રકમ મુજબનુ ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ ન હતુ અથવા તો ફરીયાદી ચેકમા દર્શાવેલ રકમ કાયદેસર રીતે મેળવવા હકકદાર નથી તો ત્યાર બાદ તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી પર શીફટ થાય છે.

(૧૭) ઉપરોકત કાયદાની જોગવાઈ પરિપૂર્ણ કરવા માટે જે મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે તે ઘ્યાને લઈએ તો, ફરિયાદી તરફેથી તેમના કેસના સમર્થનમાં ફરિયાદીએ સરતપાસનુ સોગંદનામુ **આંક: ૦૩** થી રજુ કરેલ છે જેમાં તેમની ફરિયાદ હકિકત મુજબની તમામ હકિકતો દોહરાવી ફરીયાદ હકિકતે સમર્થન કરતો મૌખિક પુરાવો રજુ કરેલ છે તેનુ અત્રે પુનરાવર્તન ટાળવા સારું વિશેષ ચર્ચા કરેલ નથી.

(૧૮) આમ ઉપરોકત નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અંગેનુ સૌપ્રથમ આવશ્યક તત્વ એ છે કે, વાદગ્રસ્ત ચેક કાયદેસરનું દેવું કે જવાબદારી પુરેપુરી કે અંશત: અદા કરવા માટે આપવામાં આવ્યો હોવો જોઈએ. જે હકીકત પુરવાર કરવા અંગે સાબીતીનો પ્રારંભીક બોજો ફરીયાદી ઉપર હોય છે. જે બોજાનું ફરીયાદી વહન કરે કે તુરત જ ''નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ'' ની કલમ– ૧૩૯ અન્વયે ચેક ધારણ કરનાર યાને કે હાલના ફરીયાદીની તરફેણમાં તેમજ ચેક ડ્રો કરનાર યાને કે હાલના તહોમતદારની વિરૂધ્ધમાં સ્ટેચ્યુટરી અનુમાન કરવાનું રહે છે. જે અનુસાર વાદગ્રસ્ત ચેક કાયદેસરના દેવા કે જવાબદારીની સંપુર્ણત: અથવા તો અંશત: ચુકવણી કરવા માટે જ આપવામાં આવ્યો હોવાનું અનુમાન કરવાનું રહે છે. સદર અનુમાન કાયદાકીય અનુમાન છે અને જે ''ખંડનાત્મક'' અનુમાન છે. ખંડનાત્મક પુરાવો રજુ કરવાનો સંપુર્ણ બોજો તહોમતદાર ઉપર રહે છે. સદર ખંડનાત્મક પુરાવો રજુ કરવા માટે કોઈ સીધો કે પ્રત્યક્ષ પુરાવો હોવો જ જોઈએ તેવું જરૂરી નથી. તહોમતદાર કેસના રેકર્ડ ઉપર એવા સંજોગોથી પ્રસ્થાપિત કરી શકે કે જેનાથી વાદગ્રસ્ત ચેક કોઈ કાયદેસરના દેવા માટે આપ્યો જ ન હોવાની સંભાવના ઘણી જ પ્રબળ હોય તો તેનાથી પણ સદર અનુમાનનું ખંડન થયાનું ગણી શકાય છે.

(૧૯) હાલના કેસમાં ફરીયાદીએ આંક : ૧ થી ફરીયાદ રજુ કરી છે. તેમાં જણાવેલી હકીકતોને ફરીયાદીએ **આંક : 03** થી રજુ કરેલા પુરાવાના સોગંદ નામાથી સમર્થન આપ્યું છે. જે અન્વયે તેઓએ **આંકઃ૦૮ અને આંક–૧૦** વાદગ્રસ્ત ચેકો અસલ રજુ કરેલ છે. જે ચેકો તહોમતદારે સહીં કરી ફરિયાદી કંપનીને આપેલ હોવાની હકીકત જણાવી છે. વળી, તે તહોમતદારના હસ્તાક્ષરમાં ન હોવાની કે તેમાં તહોમતદારની સહી ન હોવા સંબંધ કોઈ બચાવ તહોમતદાર તર્ફે લેવામાં આવ્યો

નથી. આમ, સદર વાદગ્રસ્ત અસલ ચેકો **૦૮ અને આંક–૧૦** થી ફરીયાદી તર્ફે પુરવાર કરવામાં આવ્યો છે તે જ તે પુરાવામા ગ્રાહય છે. વધુમાં **આંક : ૦૯ અને આંક–૧૧** વાળા રીટર્ન મેમાઓમાં ''**ફંડ ઈનસફીસીયન્ટ**'' ના કારણે પરત થયા અંગેના કારણ દર્શાવવામાં આવ્યા છે, આમ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૪૬ અન્વયે સદર દસ્તાવેજ રીટર્ન મેમાઓ હોય અને તેમાં ચેકો પરત થયાના કારણ દર્શાવવામાં આવ્યા હોય તે તમામ જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી પુરાવામાં ગ્રાહય છે અને તેમાં જણાવેલ કારણથી ચેકો પરત થયા અંગેનુ જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી અનુમાન કરવાનું રહે છે. **આંક : ૧૨** થી ફરિયાદીએ આરોપીને આપેલ નોટીસ રજૂ કરેલ છે. જેમાં તેમના વકીલની સહી હોવાનું ઓળખી બતાવેલ છે. તેમજ **આંક–૧૩** થી એકનોલેજમેન્ટ રજુ કરેલ છે. તેમજ **આંક–૧૫** થી પરત આવેલ અસલ કવર રજુ કરેલ છે. આમ, રજુ પુરાવો જોતા ફરીયાદ પક્ષ દ્રારા એકટની કલમ ૧૩૮ (એ), (બી), (સી) મુજબના ત્રણેય તત્વોનું પાલન થયેલ છે. જેથી હાલનો કેસ એકટની કલમ ૧૧૮ અને ૧૩૯ મુજબના અનુમાનો ઉપર પહોંચવા યોગ્ય કેસ જણાય છે.વધુમાં બચાવપક્ષ તરફે તકરારી ચેકો તેમના ખાતાનો નહીં હોવા અંગેની કોઈ તકરાર નથી. તેમજ આ કામના તકરારી ચેકમાં આરોપીની સહીં હોવાની હકીકત સ્વીકૃત છે ત્યારે સમગ્ર પુરાવો વંચાણે લેતા ફરિયાદીએ Execution of cheque પુરવાર કરેલ છે.

(૨૦) આરોપી પક્ષ ઉપરોકત કલમ મુજબના અનુમાનોનું ખંડન કરતો પુરાવો રજુ ના કરે તો ત્યાં સુધી આરોપી વિરુઘ્ઘ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો પુરવાર માનવાનો રહે છે. આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ દવારા **૨૦૦૯ (૨) G.L,R ૧૨૪૦, મેસર્સ કુમાર એકસપોર્ટ વિરુઘ્ઘ વિનોદ**

શર્માના ચૂકાદામાં અનુમાનો કયારે કરી શકાય અને તે અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપી કેવી રીતે નિભાવી શકે તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે. જે હાલના કેસમાં ગુણદોષ ઉપર ન્યાયનિર્ણય કરવા માટે મહત્વના છે જેથી નીચે મુજબ પેરા–૧૧ રીપ્રોડયુસ કરેલ છે

para : 11. The use of the phrase "until the contrary is proved" in Sec. 118 of the Act and use of the words "unless the contrary is proved" in Sec. 139 of the Act read with definitions of " may presume" and "shall presume" as given in Sec. 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over. The accused in a trial under Sec. 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defense beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the Court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the Court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Sec. 114 of the Evidence Act to rebut the presumptions arising under Secs. 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once, such rebuttal evidence is adduced and accepted by the Court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant,...

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો મુજબ અનુમાનોનું ખંડન કરી શકે તે મુજબનો પ્રોબેબલ બચાવ કે જે બચાવના આધારે અનુમાનોનું ખંડન થાય છે તેવું માનવા સામાન્ય બુધ્ધિશાળી માણસ પ્રેરાય તેવો પુરાવો આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ છે કે કેમ ? અથવા તેવો બચાવ આરોપીપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ ? તે ધ્યાને લેવું પડે.

(૨૧) હાલના કેસમાં ફરિયાદી ધ્વારા **આંક–૦૩** થી સોગંદ ઉપર જુબાની આપવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં ફરિયાદ મુજબની હકીકતો દોહરાવેલ છે. અત્રે એ બાબત પણ નોંધનીય બની જાય છે કે, આ કામે આરોપીને પોતાના બચાવમાં ફરિયાદીની ઉલટ તપાસ કરવાની પૂરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ હોવા છતાં, આ કામના આરોપી આગળ ઉપર ચર્ચા કરી તે મુજબ મુદતે કેસમાં હાજર રહેતા ન હોય કે તેઓ તરફે વિ.વ.શ્રી પણ હાજર રહી ફરિયાદીની ઉલટ તપાસ કરેલ ન હોય જેથી ફરિયાદપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરવાનો આરોપીનો હક્ક બંધ કરવા ફરિયાદપક્ષની અરજી અન્વયે આરોપીનો ફરિયાદીની ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ હોવાનુ રેકર્ડ જોતા સ્પષ્ટ જણાઈ આવે છે આ કામે ફરિયાદીની આરોપીપક્ષે ઉલટ તપાસ કરેલ ન હોઈ આરોપી ધ્વારા કોઈ પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી મુજબનો ખંડનાત્મક પુરાવો રજુ કરેલ નથી.

(૨૨) આ કામે ફરિયાદીએ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરી તકરારી ચેકની રકમનુ કાયદેસરનું લેણુ આરોપી બાકી પડતુ હતુ તે નિ:શંકપણે એટલે કે બિયોન્ડ રીઝનેબલ ઓલ ડાઉટ પુરવાર કરી શકેલ છે કે કેમ તે આ કોર્ટે જોવાનું રહે. આ કામે ફરિયાદ આંક–૧ ની હકીકત મુજબ આ કામના ફરીયાદી કાપડનો વેપાર કરે છે. આરોપી મુંબઈ શહેરમાં ડાયમંડ એન્ટરપ્રોઈઝ એ નામથી ધંધો કરે છે. ફરીયાદીને કાપડની દલાલી કરતાં નરેશકુમાર લાલચંદ શાહ મારફતે આરોપી સાથે

ઓળખાણ થયેલી. જેથી ફરીયાદીએ દલાલ નરેશકુમાર લાલચંદ શાહ મારફતે કાપડનો માલ આપેલ અને આરોપીને સદર માલની ડીલીવરી મળી ગયેલ. આરોપીને જે માલ મોકલેલ તે માલના બીલો આપવામાં આવેલ છે. ફરીયાદીના એકાઉન્ટમાં આરોપીના ખાતે બાકી નીકળતી રકમ ઉધારવામાં આવેલ. આરોપી જે જે રકમો આપતા હતાં તે ફરીયાદીના ચોપડે જમા કરવામાં આવેલ. આરોપી પાસે કુલ બાકી રકમ રૂ.૨,૮૦,૪૭૦/- છે. સદર રકમ આરોપીને ૧૮ ટકા લેખે વ્યાજની બાકી લેણા છે. આરોપીને અગાઉ માલ મોકલેલ જેના નાણા ફરીયાદીને મળી ગયેલ છે. ફરીયાદીએ તેઓના બાકી લેણાની માંગણી કરતાં આરોપીએ બે ચેકો અનુક્રમે ચેક નં.૧૭૦૩૬૭ તથા ચેક નં.૧૭૦૩૬૮ બંને ચેકો તા.૧૯/૦૬/૨૦૧૭ના રોજ એસવીસી કો.ઓ.બેંક લી. ભાયદર વેસ્ટ, મુંબઈના ચેકો સહી સિકકા કરી ફરીયાદીને આપેલા. સદરહું ચેકો ફરીયાદીએ તેઓની બેંક, બેંક ઓફ બરોડા, મસ્કતી મારકેટ શાખામાં ભરતાં તા.૦૧/૦૮/૨૦૧૭ના રોજ ઈનસફીસીયન્ટ ફંડના શેરા સાથે પરત આવતાં. તેથી ફરિયાદીએ તેઓના વકીલ મારફતે આ કામના આરોપીને **તા.૦૧/૦૮/૨૦૧૭**ના રોજ નોટિસ મોકલી આપેલ હતી.આમ, આ કામના આરોપીને **તા.૨૧/૦૮/૨૦૧૭ના રોજ** બજી ગયેલ હોવા છતાં નોટિસ મુજબ વર્તન કરેલ નથી અને ફરિયાદીને ચેકો ની રકમ ચૂકવી આપેલ નથી કે નોટિસનો જવાબ આપેલ નથી તેવો ફરીયાદપક્ષનો કેસ છે. આ કામે તકરારી ચેકોવંચાણે લેવામાં આવે તો, તેમાં આરોપીની સહી નથી કે તેમની બેન્ક એકાઉન્ટના ચેકો નથી તેવો કોઈ બચાવ આરોપીએ રેકર્ડ ઉપર લીધેલ નથી. આમ તકરારી ચેક નુ એકઝીકયુશન ફરીયાદપક્ષે પુરવાર કરવામાં આવેલ હોય જેથી એકટની કલમ ૧૮ અને ૧૩૯ ના અનુમાનો ફરીયાદીની તરફેણમાં કરવામાં આવેલ છે. આરોપીપક્ષે આ અનુમાનોનુ ખંડન કરતો માની શકાય તેવો ખંડનાત્મક પુરાવો કેસના રેકર્ડ ઉપર રજુ કરી ફરીયાદી તરફે કરવામાં આવેલ અનુમાનોનુ ખંડન કરી શકે છે. જેના માટે આરોપીએ વીટનેસ બોકસમાં આવવાની જરૂર નથી પરંતુ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાઓમાં માત્ર શંકા ઉભી કરવાની રહે છે. આ

કામે કેસનુ રેકર્ડ વંચાણે લેવામાં આવે તો, આરોપીપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરવા પૂરતી અને વ્યાજબી તક આપેલ હોવા છતાં ઉલટ તપાસ કરેલ નથી અને અદાલત ધ્વારા આરોપીનો ફરીયાદીની ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. આ કામે આરોપીપક્ષે ફરીયાદવાળા વ્યવહાર તથા તકરારી ચેકો બાબતે કોઈ રીબર્ટલ બચાવ લીધેલ નથી. કારણ કે આરોપીપક્ષે સોગંદ ઉપર જુબાની આપેલ નથી, બચાવના કોઈ સાહેદને તપાસેલ નથી, કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી કે ફરીયાદીની ઉલટ તપાસ પણ કરેલ નથી.જેથી પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી મુજબ માની શકાય તેવો કોઈ ખંડનાત્મક પુરાવો ફરીયાદવાળા વ્યવહાર બાબતે રજુ કરવામાં આરોપીપક્ષ નિષ્ફળ રહેલ છે. વધુમાં, આ કામે આરોપીએ ફરીયાદ હકીકત મુજબનો વ્યવહાર સંબંધે શંકા ઉભી કરતો કોઈ પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી મુજબનો માની શકાય તેવો ખંડનાત્મક પુરાવો રજુ કરી શકેલ નથી. આમ ફરીયાદી કંપનીની કાયદેસરની લેણી રકમ આરોપી પાસે લેવાની નીકળતી હતી તેવી ફરીયાદ સાથે ફરીયાદી કલીન હેન્ડ સાથે આવેલ છે. આનાથી વિરુધ્ધની હકીકતો રેકર્ડ ઉપર લાવી ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉભી કરવામાં આરોપીપક્ષ નિષ્ફળ રહેલ છે. આરોપીએ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરી ફરીયાદપક્ષના રજુ પુરાવાઓમાં શંકા ઉભી કરી શકેલ ન હોઈ જેથી ફરીયાદપક્ષે રજુ પુરાવાઓને આધારે તેમનો કેસ બીયોન્ડ રીઝનેબલ ઓલ ડાઉટ પુરવાર કરી શકેલ હોવાનુ આ અદાલતનુ માનવુ છે. વધુમાં આરોપીએ એફ.એસ.નોં ધાવીને તેમનો બચાવ કરેલ નથી. આમ, ફરીયાદીનો સોગંદ ઉપરનો પુરાવો ખોટો હોવા બાબતે કોઇ પુરાવો કેસના રેકર્ડ ઉપર લાવી પુરવાર કરી શકેલ નથી. આમ, આરોપીએ પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી મુજબનો પુરાવો રજુ કરી ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉભી કરેલ છે તેવુ માની શકાય નહીં. વધુમા આ કામે તકરારી ચેકો

રીટર્ન થયાની નોટીસ આરોપીને તેમના ખરા અને સાચા સરનામે રજી પોસ્ટ .એ.ડી. પોસ્ટ ધ્વારા આપેલ છે જે નોટીસ **આંક– ૧૨** થી રજુ છે. આ નોટીસ વંચાણે લેતાં તેમાં હાલના કામના તકરારી ચેક નો ઉલ્લેખ કરવામાં આવેલ છે.આ નોટીસનો આરોપીએ કોઈ જવાબ આપેલ નથી. વધુમાં નોટીસ આરોપીને બજેલ નથી કે તે નોટીસનો હકીકતો ખોટી છે તેવો પણ કોઈ બચાવ કેસના રેકર્ડ ઉપર આરોપીએ લીધેલ નથી જેથી નોટીસની હકીકતો પણ ફરીયાદપક્ષ નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે.

(૨૩) વધુમાં આ કામે આરોપીને તેઓની સામે હાલનો કેસ નામદાર કોર્ટ પેન્ડીંગ છે તે જાણમાં છે તેમ છતાં કેસ ની કાર્યવાહી માટે હાજર રહેલ નથી. ચેક રીટર્નના કેસોનો કોર્ટોમાં ખુબ જ ભરાવો છે. જો કેસ ના દરેક તબકકે આરોપીને પકડ વોરંટ ઈસ્યુ કરી હાજર રખાવવા પ્રયત્નો કરવામાં આવે તો ચેક ના કેસોનો નિકાલ કરવાનુ કામ ખુબ જ મુશ્કેલ બની રહે. આરોપીને તેઓની સામે કેસ ની કાર્યવાહી કોર્ટમાં ચાલી રહેલ હોવાનુ જાણમાં છે તેમ છતાં હાજર ન રહી કેસ ની કાર્યવાહી વિલંબિત કરવાના ઈરાદાથી હાજર રહેલ ન હોવાનુ આરોપીના વર્તન ઉપરથી જણાઈ આવે છે. કાયદો જાગૃત વ્યકિતને મદદ કરે છે. આમ આરોપી તેઓની સામેના કેસમાં કોઈ બચાવ રજુ કરવા માગતા નથી તેવુ અનુમાન કરી શકાય. તેમજ આ કામે **Hon'ble Supreme Court in case, In Re: Expeditious Trial of cases under Section 138 of N.I.Act 1881, AIR 2021 SC 1957** નો ચુકાદો વંચાણે લેતા પણ કેસોની ઝડપી ટ્રાયલ ચલાવવા સંબંધે જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે તેન લક્ષમાં લેતા કેસની ન્યાયીક કાર્યવાહી વિના વિલંબે તથા ઝડપથી આગળ ચલાવવી જરૂરી જણાયેલ છે. વધુમાં, આરોપી તરફે એકટની કલમ–૧૪૫ (૨) મુજબની અરજી આપેલ નથી. તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટે મનોજ વાસુદેવ સોમપુરા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કામે સ્પે. ક્રિમીનલ એપ્લીકેશન નં.૬૭૨૧/૨૦૨૩,**

તા.૧૫/૯/૨૩ ના રોજ આપેલ ચુકાદો હાલના કેસના ગુણદોષ ઉપર નિર્ણય કરવા માટે મહત્વનો છે.જેના પેરા—૧૪ નીચે મુજબ રીપ્રોડયુસ કરેલ છે

14. Considering the facts and circumstances of the case, this Court is of the opinion that the trial Court was completely justified in passing the impugned judgment and order. The decision to not conduct cross-examination of the complainant in spite of repeated opportunities and to not remain present on the next date of trial when his Further Statement u/s. 313 of Cr.P.C. recorded on the earlier date was to be exhibited was a deliberate, intentional and conscious decision on the part of the petitioner. It was not that the petitioner was not aware about the stage of trial proceedings. However, deliberately, the petitioner had chosen to remain absent from the trial proceedings from the date his Further Statement u/s. 313 of Cr.P.C. was recorded but before it could be exhibited.

આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો લક્ષમાં લેતા આરોપીને જાણ હોવા છતાં અને પુરતી તકો આપવા છતાં ઈરાદાપુર્વક ગેરહાજર રહે તો તેમના વિરુધ્ધ કેસનો ન્યાયિક નિર્ણય તેમની ગેરહાજરીમાં થઈ શકે. વધુમાં રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવાને આધારે આ કામના તોહમતદાર એ ફરિયાદી પાસેથી લીધેલ રકમ પેટે તકરારી ચેકો કાયદેસરની દેવુ/જવાબદારી પરિપુર્ણ કરવા માટે અપાયેલ હોય તેવુ માનવાનું રહે છે. નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ—૧૧૮ અને ૧૩૯ ના સ્ટેચ્યુટરી પ્રિઝમશન cogent & convincing એવીડન્સથી રીબર્ટ કરવાની જવાબદારી આરોપીની છે અને તે માટે આરોપીએ સ્પષ્ટ અને વિશ્વસનીય માન્ય રાખી શકાય તેવો ખંડનાત્મક પુરાવો આપવો જોઈએ તેવી જ રીતે નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા **એ.આઈ.આર. ૨૦૧૫ એસ.સી. ૨૨૪૦ ઉપર પ્રસિધ્ધ થયેલ ટી. વસંથાકુમાર વિ. વિજયકુમારી**ના ચુકાદામાં જયારે ચેક તથા સહી આરોપીએ સ્વીકૃત કરેલ હોય ત્યારે ચેક કોઈ કાયદેસરનુ લેણુ કે જવાબદારી માટે આપવામાં આવેલ નથી તેવુ પુરવાર કરવાની જવાબદારી આરોપીની છે. આ કામના આરોપીએ એન.આઈ. એકટની કલમ ૧૧૮,૧૩૯ મુજબના ફરિયાદીની તરફેણના અનુમાનોને રીર્બટ કરતો સંતોષકારક પુરાવો રજુ કરેલ નથી અને અનુમાનોનું ખંડન કરેલ નથી. આ સંજોગોમાં આરોપીએ ફરિયાદીને આપેલ **આંક– ૦૮,૧૦** ના ચેકો ફરિયાદીને કાયદેસરની લેણી થતી રકમ પેટે આપેલ હોવાનું પુરવાર માનવામાં આવે છે અને **આંક– ૦૯ ,૧૧** ના રીર્ટન

મેમાઓથી સદર ચેકો પરત ફરેલ હોય અને માંગણી નોટીસ આપ્યા છતા ફરિયાદીને આરોપીએ નાંણા ચુકવેલ નથી.જેથી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ના તમામ તત્વો સાબિત થતા હોય, આરોપીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળનો શિક્ષાપાત્ર ગુનો આચરેલો છે જેથી મુદ્દા નં.૧ નો જવાબ 'હકારમાં' આપવામાં આવેલ છે.

મુદ્દા નં. ૨:

મુદ્દા નં.૧ ના નિર્ણયને આધીન મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

–: હુકમ :–

આ કામના આરોપી **શ્રીપાલ ચંદુલાલ કોઠારી તે ડાયમંડ એન્ટરપ્રોઈઝની પેઢીના માલિકને** ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ની કલમ ૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ફોજદારી કાર્યરિતિ સંહિતા, ૧૯૭૩ની કલમ ૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીને સજા કરતાં અગાઉ તે સંદર્ભે સાંભળવા જરૂરી જણાતું હોય આરોપીને સજા અંગે સાંભળવા ચુકાદો મુલતવી રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૨૯ મી માહે: જુન સને : ૨૦૨૬ ના રોજ મારી સહી કરીને ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ (નાગદાનભાઈ કે. ડાભી)
તારીખ : ૨૯ / ૦૬ /૨૦૨૬ ૯ માં, એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટ, કોર્ટ નં.૩૧, અમદાવાદ (શહેર)
(GJ01030)

સજા બાબતે સાંભળ્યા બાદનો હુકમ

(૧) હાલના કામે સજા બાબતે ફરીયાદી તરફે વકીલશ્રી હાજર છે. ફરીયાદપક્ષ તરફે તેમની રજુઆત છે કે, આ કામના આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણાં ચુકવેલ નથી. આરોપીની કસુરના કારણે ફરીયાદીને હાલની ફરીયાદ કરી સમગ્ર કાર્યવાહીમાં ભાગ લેવાની ફરજ પડેલ છે. જેથી આરોપીને મહત્તમ સજા કરી, ફરીયાદીને થયેલ નાણાંકીય નુકશાન સંદર્ભે વળતર અપાવવા અરજ ગુજારેલ છે. જયારે આરોપી કે તેમના વકીલશ્રીનો પોકાર કરાવવા છતાં કોઈ હાજર નથી.

(૨) આમ, જયારે આજ રોજ ચુકાદો જાહેર થવાના દિવસે પણ આરોપી કે તેના વકીલશ્રી હાજર થયેલ નથી કે આ સજાના પ્રમાણ અંગે કોઈ રજુઆત કરવા માટે અદાલતમાં હાજર રહેલ નથી. આ ઉપરાંત હાલનો કેસ વોરંટ ટ્રાયેબલ ન હોય, તેથી આરોપીની દોષિત ઠરાવ્યા બાદ સજાના પ્રમાણ અંગે સાંભળવા જરુરી પણ નથી. તેમ છતાં આરોપીની ગેરહાજરીમાં આરોપીને દોષિત ઠરાવાનો અને તેને સજા કરતો હુકમ કરવો ન્યાયોચિત કહી શકાય કે કેમ ? તે અંગે ચર્ચા કરવામાં આવે તો સૌ પ્રથમ તો નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના ***Sharad Jethalal Savla Versus State Of Gujarat (2017 (3) GLR 2353)***ના ચુકાદાના પેરા નં.૨૨ અને ૨૫ ધ્યાને લેવા જરુરી છે.

> ***(22.)*** *So far as the first question is concerned as regards the pronouncement of the judgment and order of conviction and sentence in the absence of the applicant accused, I am of the view that no illegality could be said to have been committed by the trial Court.*
>
> ***(25.)*** *However, the judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Subsection (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.*

આમ, આ કેસની ઉપર ચર્ચા કર્યા મુજબની હકીકત અને નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતને ધ્યાને લઈ આરોપીની ગેરહાજરીમાં આરોપીને દોષિત ઠરાવતો ચુકાદો જાહેર કરવો અને આરોપીને સજા કરવી ન્યાયોચિત જણાઈ આવે છે.

(૩) આમ, આરોપીની જવાબદારી,ગુન્હાનો પ્રકાર અને ગુન્હાનુ સ્વરુપ લક્ષમાં લેતાં, આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ના ગુન્હામાં તકસીરવાન ઠરેલ છે ત્યારે સજા અંગે વિચાર કરતાં બે વર્ષની સજાની જોગવાઈ છે તેમજ ચેકની રકમ કરતા બમણી રકમ જેટલો દંડ કરવાની પણ જોગવાઈ છે, હાલના વર્તમાન યુગમાં નાણાંકીય વ્યવહારો રોકડ રકમના બદલે ચેકથી એટલે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટથી પક્ષકારોના એકબીજાના વિશ્વાસથી થતા હોય છે એટલે કોઈ પ્રકારના કાનુની દેવાની ચુકવણી પેટે જયારે કોઈ વ્યકિત બીજી વ્યકિતને ચેક જેવુ કિંમતી રોકડ રકમની અવેજીમાં ચલણ અથવા ઈન્સ્ટુમેન્ટ આપતી હોય ત્યારે તેની એ જવાબદારી છે કે, તે નાણાંની ચુકવણી થવી જોઈએ અને તે પ્રકારની કાળજી લેવી જોઈએ. જો ચેક આપતા આવી કાળજીના અભાવે અથવા ઈરાદાપુર્વક છેતરપીંડી કરવાના કારણે આવો વિશ્વાસ ભંગ થાય અને ચેક પાછો પડે તો નાણાંકીય વ્યવહારો ખોરવાઈ જાય. આ તમામ સંજોગો રોકવા માટે નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮થી ૧૪૩ની જોગવાઈ કરેલ છે. આ તમામ બાબતોને ધ્યાનમાં લેતા જે તે વ્યકિતએ પોતાના કાનુની લેણાં ની વસુલાત માટે ચેકથી પૈસા મેળવવાનો પ્રસંગ પડેલ હોય તેને તે ચેક આપનારની વિશ્વસનિયતાના અભાવે વેઠવુ પડેલ હોય અને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮નુ પાલન કરેલ હોય અને નોટીશ આપવા છતા આરોપી તેમાં નિષ્ફળ નિવડેલ હોય કે કસુર કરેલ હોય ત્યારે સ્વાભાવિક પણે ફરિયાદીને આરોપી વિરુધ્ધ

ફરિયાદ કર્યા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી, અને તેને કાનુની ગુચમાં, આંટી ઘુટીમાં પડવુ પડે છે આમ આરોપીના આવા કૃત્યના પરિણામે છેવટે ફરિયાદીને વિકટીમ બનવુ પડે છે એટલે આરોપીને માત્ર સજા કરવાથી વિકટીમને સંતોષ ઓછો થતો નથી અને નાણાંકીય સ્થિતિમાં પણ ખોટ ભરપાઈ થતી નથી, જેથી ફરિયાદીને આર્થીક નાણાંકીય વળતર અપાવવુ જોઈએ તેવુ માનુ છુ તેમજ આરોપીને ઉપરોકત હકિકતે ચર્ચા કર્યા મુજબ હાલના કેસમાં મહત્તમ બે વર્ષની સજા કરી શકાય તેમ છે અને આવા ગુન્હામાં આરોપીનો ગુન્હો કરવાનો કોઈ ઈરાદો હોતો નથી પરંતુ પોતાની આર્થીક સ્થિતિને કારણે મજબુરીમાં પણ જાણે અજાણે આવો ગુન્હો કરી બેસતો હોય છે તેમજ હાલના કેસના સંજોગોને ધ્યાનમાં લેતા આરોપીને પ્રોબેશનનો લાભ આપી શકાય નહીં, આમ પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટની કલમ–૩,૪ કે ફોજદારી કાર્યરિતિ સંહિતાની કલમ–૩૬૦ મુજબ આરોપીને લાભ આપવા પાત્ર કેસ નથી. આ તમામ સંજોગો ધ્યાને લેતાં આરોપીને, સજાની સાથે ફરીયાદીને વળતર આપવુ પણ ન્યાયી અને વ્યાજબી જણાતુ હોય જેથી મુદ્દા નં.ર ના જવાબ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

–: આખરી હુકમ :–

૧. આ કામના આરોપી **શ્રીપાલ ચંદુલાલ કોઠારી તે ડાયમંડ એન્ટરપ્રોઈઝની પેઢીના માલિકને** ધીનેગોશીયેબલ ન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ની લમ ૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનામા ફોજદારી કાર્યરિતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ ૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવી **એક (૧)** વર્ષની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે અને આરોપી આ ગુના સબબ કોઈ અલાયદો દંડકરવામાં આવતો નથી.

૨. ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ ૩૫૭(૩) અન્વયે આરોપીને એવો આદેશ કરવામાં આવે છે કે, તેમણે આ કામના તકરારી ચેકોની રકમ

રૂ.૧,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ પુરા) આ હુકમ દિન-૬૦માં ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.જો આરોપી આ રકમ દિન-૬૦ માં ફરીયાદીને ચુકવી ના આપે તો આ કામે આરોપી ને વધુ **૩(ત્રણ) માસની સાદી કેદની સજા** ફરમાવવામાં આવે છે.

૩. આરોપીના જામીનખત તથા જાતમુચરકા આથી રદ કરવાનો હુકમ કરવામા આવે છે.

૪. આરોપી આજરોજ નામ.અદાલતમાં હાજર ન હોય, આરોપી વિરૂધ્ધ સજાના અમલ માટે વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫. આરોપી હાજર થયેથી ફોજદારી કાર્યરિતિ સંહિતાની કલમ-૩૬૩ અન્વયે ચુકાદાની એક નકલ વિનામૂલ્યે તાત્કાલીક પુરી પાડવી.

હુકમ આજરોજ તા. ૨૯ મી માહે: જુન સને : ૨૦૨૬ ના રોજ મારી સહી કરીને ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ (નાગદાનભાઈ કે. ડાભી)
તારીખ : ૨૯ / ૦૬ /૨૦૨૬ ૯ માં, એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
ને.ઈ.એક્ટ, કોર્ટ નં.૩૧, અમદાવાદ (શહેર)
(GJ01030)